सत्यमेव जयते

**–: નમુનો–અ :–**

| |
|---|
| **માણસાના મે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માણસા, જી.ગાંધીનગર.**<br>**આંક– ૨૫**<br>**ચુકાદાની તારીખ : ૧૧/૦૨/૨૦૨૪**<br>**ફોજદારી કેસ નં.૬૭૪/૨૦૨૨**<br>**પ્રોહી.ગુના રજીસ્ટર નં.૧૧૨૧૬૦૦૯૨૨૦૪૮૪/૨૦૨૨** |

| ગુનાની વિગત | |
|---|---|
| ફરીયાદીનું નામ | **એ.એસ.આઈ.દિનેશભાઈ મહાદેવભાઈ, બ.નં.૮૯૪,**<br>નોકરી માણસા પોલીસ સ્ટેશન |
| ફરીયાદી તર્ફે વિ. એ.પી.પી.શ્રી. | એચ.એમ.મનસુરી. |
| આરોપીનું નામ | **૧. જયપાલસિંહ ઈશ્વરસિંહ ચાવડા, ઉ.વ.૩૨,**<br>રહે. ચાવડા વાસ, વ્યાસ પાલડી ગામ, તા.માણસા, જી. ગાંધીનગર,<br>**૨. ભાવેશસિંહ બકાજી વિહોલ,**<br>રહે. વ્યાસ પાલડી, તા.માણસા, જી.ગાંધીનગર. |
| આરોપી તર્ફે વિ.વકીલશ્રી | એમ.એમ.પ્રજાપતિ. |

**:: નમૂનો–બ ::**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૫/૦૯/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૫/૦૯/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૧૧/૧૦/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૧૪/૦૨/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૧૨/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૨/૨૦૨૫ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –––– |



Principal Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | જયપાલસિંહ ઈશ્વરસિંહ ચાવડા, ઉ.વ.૩૨, | ૫/૯/૨૨ | ૫/૯/૨૨ | પ્રોહી.એકટ કલમ–૬૫ એએ, ૮૧ મુજબ | શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકયા | ––– | –––– |
| ૦૨ | ભાવેશસિંહ બકાજી વિહોલ, | ૯/૯/૨૨ | ૯/૯/૨૨ | ––સદર–– | –સદર– | ––– | –––– |

## :: નમૂનો ક ::
## ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ વીટનેશ

### એ. ફરીયાદપક્ષ

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા. ૧ | ૦૯ | પંચસાહેદ પ્રજાપતિ નિકુલકુમાર મગનભાઈ | રેઈડ અંગે કરવામાં આવેલ પંચનામાના પંચસાહેદ |
| ફ.સા.૨ | ૧૨ | દિનેશભાઈ માધેવભાઈ | ફરીયાદી |
| ફ.સા. ૩ | ૧૯ | ગજેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકી | પોલીસ સાહેદ |

### બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

### સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

## ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી

**એ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | રેઈડ અંગે કરવામાં આવેલ પંચનામું |
| ૨ | ૧૩ | ફરીયાદ |
| ૩ | ૧૪ | સુચીપત્ર/ડેપ્યુટ હુકમ |
| ૪ | ૨૦ | રવાનગી પત્રક |

**બી. બચાવપક્ષ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. | | |

**સી. કોર્ટ દ્વારા આંક આપવામાં આવેલ દસ્તાવેજીની યાદી**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

**ડી. મટીરીયલ ઓબ્જેકટસ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

## :: ચુકાદો ::

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૯/૨૦૨૨ ના કલાક ૧૮.૩૫ વાગ્યે મોજે વ્યાસ પાલડી ગામે પોતાના કબજા ભોગવટાની એકટીવામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂના ટીન કુલ નંગ–૦૪ ની કિંમત રૂા.૪૮૦/– તથા એકટીવા રૂા.૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ–૧, કિંમત રૂા.૫૦૦/– સાથે કુલ ૫૦,૯૮૦/– ના મુદ્દામાલ સાથે આરોપી નં. નાઓ પકડાઈ જઈ, તેમજ આરોપી નં.૨ નાઓએ ગુનો કરવામાં મદદગારી કરી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫એ.એ.૮૧ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ આપેલ. જેના અનુસંધાને સદર ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની

અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે .

(૨) આ કામના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ મુજબના ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતા આરોપીઓને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫એ.એ.૮૧ મુજબના ગુનાનું તહોમતનામું ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૨૪૦ મુજબ વાંચી, સંભળાવીને, સમજાવીને આંક–૦૫ થી ફરમાવવામાં આવેલ છે અને આરોપીઓની પ્લી આંક–૦૬ અને આંક–૦૭ થી નોંધતા આરોપીઓ એ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરતા સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા સબબ કામ મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામે ઉપરોકત **નુમના નં.(ક)** માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) સદરહું કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ફોજદારી કાર્યરિતિ અધિનિયમ,૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓએ પોતાની સામેના આક્ષેપીત પુરાવોનો ઈન્કાર કરી બચાવના સાહેદ કે સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી, તેઓ તદ્દન નિર્દોષ છે.

(૫) આ કેસના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૯/૨૦૨૨ ના કલાક ૧૮.૩૫ વાગ્યે મોજે વ્યાસ પાલડી ગામે પોતાના કબજા ભોગવટાની એકટીવામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂના ટીન કુલ નંગ–૦૪ ની કિંમત રૂ.૪૮૦/– તથા એકટીવા રૂ.૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ–૧, કિંમત રૂ.૫૦૦/– સાથે કુલ ૫૦,૯૮૦/– ના મુદ્દામાલ સાથે આરોપી નં. નાઓ પકડાઈ જઈ, તેમજ આરોપી |

| | |
|---|---|
| | નં.૨ નાઓએ ગુનો કરવામાં મદદગારી કરી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫એ.એ. ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નકારમાં. |
| ૨ | આખરી હુકમ મુજબ |

## :: કારણો ::

આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ તથા નકકી કરવામાં આવેલ મુદ્દાના નિર્ણય ઉપર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નીયમ નથી.પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી અને નાસાબીતની વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો, તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ અંગેની હકીકતો શંકાથી પર સાબીત કરવાની હોતી નથી. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય

તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલી ગણાય.

આ અંગે **નામદાર સર્વોચ્ચ અદાલતે "State of UP V/s. Wasif Haider (2019) 2 SCC 303"** જેના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૨ તથા ૨૩ માં એમ ઠરાવેલ છે કે,

22. In the instant appeals before us, the prosecution has failed to link the chain of circumstances so as to dispel the cloud of doubt about the culpability of the accused-respondents. It is awell settled principle that a suspicion, however grave it may be cannot take place of proof, i.e., there is a long distance between "may be" and "must be", which must be traversed by the prosecution to prove its case beyond reasonable doubt [See Narendra Singh v. State of M.P., (2004)10 SCC 699].

23. This Court in Kailash Gour and Ors. v. State of Assam, (2012) 2 SCC 34 has held that, "44. The prosecution, it is axiomatic, must establish its case against the accused by leading evidence that isaccepted by the standards that are known to criminal jurisprudence regardless whether the crime iscommitted in the course of communal disturbances or otherwise. In short, there can only be one set of rules and standards when it comes to trials and judgment incriminal cases unless the statute provides for anything specially applicable to a particularcase or class of cases..."(emphasis supplied)

**<u>મુદ્દા નંબર :– ૧</u>**

**(૭)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે પોતાનો કેસ નિ:શંપણે સાબીત કરવા માટે આ કામે આંક–૦૯ થી પંચસાહેદ પ્રજાપતિ નિકુલકુમાર મગનભાઈને તપાસેલ છે. આ સાહેદ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં માત્ર સહી કરેલી. પંચનામાની હકીકત વિશે તેઓ કાંઈ જાણતા નથી. જે પંચનામું આ કામે આંક–૧૦ થી રજુ કરેલ છે. આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય સરકાર તરફે ફરી ગયેલા જાહેર કરી સરકાર તરફે ઉલટ તપાસ કરવા છતા પણ સદર પંચનામાની વિગતને સમર્થન આપતા નથી. તેમજ બચાવપક્ષ તર્ફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ

નથી. આમ, સદર પંચસાહેદના પુરાવાથી આંક–૧૦ વાળુ રેઈડ અંગેનું પંચનામું તેઓ રૂબરૂ કરવામાં આવેલનું પુરવાર થતું નથી.

(૦૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૧૨ થી ફરીયાદી દિનેશભાઈ માધેવભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે સરતપાસમાં તેઓની આંક–૧૩ ની ફરીયાદને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે.

જયારે ફરીયાદીની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં હતા કે પ્રાઈવેટ વાહનમાં હતા તેનો કોઈ ઉલ્લેખ તેમની ફરીયાદમાં કકરેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે,બાતમી કેટલા વાગ્યે અને કયા માધ્યાથી મળેલ તેનો ઉલ્લેખ તેમની ફરીયાદમાં નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, રેઈડમાં આરોપીને સૌ પ્રથમ કોણે જોયેલ તે પણ ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ રેઈડ વાળી જગ્યાએ ગયેલા. રેઈડ વાળી જગ્યાએ લગભગ એક કે બે વાહન ેલને ગયા હોઈશું. એ હકીકત કબુલ કરેલ છે કે, ખાનગી વાહનનો નંબર તેમની ફરીયાદમાં જણાવેલ નથી કે ખાનગી વાહનનો પ્રકાર તેમની ફરીયાદમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, પ્રોહીબીશનની રેઈડમાં સામાન્ય રીતે સૌ પ્રથામ પંચનામું કરવામાં આવેલ છે. એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, મુદ્દામાલ બીયર પતરાની બોટલમાં પણ આવે અને કાચની બોટલમાં પણ આવે. એ હકીકત કબુલ કરેલ છે કે, મુદ્દામાલ પતરાની બોટલમાં હતો કે કાચની બોટલમાં હતો તેવો કોઈ ઉલ્લેખ તેમની ફરીયાદમાં નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, મુદ્દામાલની મેન્યુફેકચરીંગ ડેટ

અને એકસપાયરી ડેટ ફરીયાદમાં જણાવેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, રેઈડ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને વાહનોની અવર જવર ચાલુ છે. એ હકીકત કબુલ કરેલ છે કે, એકટીવા કોની માલિકીનું હતુ તેની તપાસ ફરીયાદના કામે કરેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, ચાર્જશીટ સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. એ હકીકત કબુલ કરેલ છે કે, ફરીયાદમાં તેમની સહી નથી. સાહેદ જણાવે છે કે, તેમના સાહેબની રૂબરૂમાં સહી છે. જયારે અન્ય ખંડનાત્મક સવાલનો ઈન્કાર કરેલ છે.

(૯) ત્યારબાદ આ કામે અંક-૧૯ થી પોલીસ સાહેદ ગજેન્દ્રસિંહ અજીતસિંહ સોલંકીને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદનો પુરાવો જોઈએ તો તેઓ તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ માણસા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી દિનેશભાઈ મહાદેવભાઈ નાઓની ફરીયાદ સાહેદ રૂબરૂ લીધેલ જે અંક-૧૩ વાળી ફરીયાદમાં સાહેદે પોતાની સહી કરેલાનું ઓળખી બતવોલ છે. ત્યારબાદ આ કામે તેઓએ લાગતા-વળથતા સાહેદોના નિવેદન લીઁધલ અને તેઓ રૂબરૂ પંચનામું કરેલ તેમજ સેમ્પલ અર્થે લીધેલ મુદ્દામાલ રવાનગી પત્ર થી એફ.એસ.એલ. મોકલી આપેલાનું તેમજ આરોપી જયપાલસિંહ ઈશ્વરસિંહ નાઓને વ્યાસ પાલડી થી અટક કરી પોલીસ સ્ટેશન રજીસ્ટરમાં નોંધ કરેલાનું અને આગળની તપાસ દિનેશભાઈ મહાદેવભાઈને સોંપેલાનું જણાઈ આવે છે. તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ કરેલાનું પણ જણાઈ આવે છે.

આ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્બારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓને લેખિત હુકમ થી તપાસ સોપવામાં આવેલ નથી કે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. એ હકીકત

કબુલ કરેલ છે કે, મુદ્દામાલ લગત કંપનીમાં જઈને કોઈ તપાસ કરેલ નથી કે પોલીસ સા હેદ સિવાય કોઈ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી. જયારે અન્ય ખંડનાત્મક સવાલોનો ઈન્કાર કરેલ છે.

**(૧૦)** આ કામે સૌથી મહત્વના એવા આંક–૦૯ પંચસાહેદ આંક–૧૦ વાળા પંચનામાના પંચ સાહેદ છે તેઓ સદર પંચનામાની વિગતે સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર થયેલા હોય તેઓના પુરાવાથી આંક–૧૦ વાળું રેઈડ અંગેનું પંચનામું સદર પંચની હાજરીમાં થયેલાનું માની શકાય નહી.

ત્યારબાદ આ કામે આ કામના ફરીયાદી કે જેઓ તેઓ સદર રેડીંગ પાર્ટીમાં સામેલ હતા તેઓનો પુરાવો જોઈએ તો તેઓએ સરતપાસમાં પી.એસ.આઈ. જી.એ.સોલંકી રૂબરૂ આપેલ આંક–૧૩ વાળી ફરીયાદીને સમર્થન કારક પુરાવો રજુ રાખેલ છે. પરંતુ ફરીયાદી ફરીયાદમાં તેમની સહી નહી હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારે છે અને જણાવે કે, તેમના સાહેબ જી.એ.સોલંકીની રૂબરૂમાં સહી છે. આમ, ખુદ ફરીયાદીની ફરીયાદમાં સહી નહી હોવાનું ખુદ તેમની ઉલટ તપાસ થી જણાઈ આવે છે જેથી તેઓએ બનાવ અંગેની ફરીયાદ ફરીયાદીએ જ આપેલ હોવા શંકા પ્રેરાય છે. વધુમાં ફરીયાદી સાહેદે ફરીયાદ આપેલ હોવા છતાં તેમજ બનાવ સમયે રેઈડમાં સામેલ હોવા છતાં તેઓ પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં હતા કે પ્રાઈવેટમાં હતા તેનો કોઈ ઉલ્લેખ તેમની ફરીયાદમાં કરેલ નથી કે, તેઓને બાતમી કેટલા વાગ્યે કે કયા માધ્યમથી મળેલ તેનો કોઈ ઉલ્લેખ પણ તેમની ફરીયાદમાં જણાવેલ નથી કે તેઓ કયા વાહનમાં ગયેલા તેનો નંબર કે કઈ કંપનીનું હતું તે પણ જણાવેલ નથી. જેથી તેઓએ કહેવાતા બનાવ સમયે સદરહું રેઈડ કરેલ હોવા અંગે શંકા પ્રેરાય છે. જયારે પંચો પણ સમર્થન આપતા ન હોય ત્યારે. વધુમાં ફરીયાદીના પુરાવાથી રેઈડમાં આરોપીને સૌ

પ્રથમ કોણે જોયેલ તે પણ તેમની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં પ્રોહીબીશનની રેઈડમાં પ્રથમ પંચનામું કરવામાં આવે અને ત્યારબાદ ફરીયાદમાં આપવામાં આવતી હોવા છતાં ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. આમ, રેઈડ અંગેના પંચનામા વખતે પંચોની હાજરી હોવા અંગે ખુદ આ ફરીયાદીના સાહેદના પુરાવાથી તેમજ આંક–૦૯ ના પંચ સાહેદે પણ આંક–૧૦ ના તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવતા હોય ત્યારે આંક–૧૦ ના પંચનામા વખતે પંચોની હાજરી હોવા અંગે શંકા પ્રેરાય છે. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલની મેન્યુ ફેકચરીંગ ડેટ અને એકસપાઈરી ડેટ અંગેની પણ કોઈ વિગત તેમની ફરીયાદમાં જણાવેલ નથી કે, ભારતીય બનાવટના વિદેશી દારૂના ટીન બોટલ પતરાની બોટલમાં હતી કે કાચની બોટલ માં હતી તેનો કોઈ ઉલ્લેખ પણ તેમની ફરીયાદમાં કરવામાં આવેલ નથી. જેથી આ કામે કબજે કરવામાં આવેલ આક્ષેપીત મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ટીન હોવા અંગે શંકા પ્રેરાય છે. વધુમાં આ કામે મોબાઈલ કબજે કરવામાં આવેલાનું જણાઈ આવે છે પરંતુ તે મોબાઈલ ચાલુ હાલતમાં હતો કે બંધ હતો કે કઈ કંપનીના હતા કે તેમાં કયા નંબરનું સીમકાર્ડ હતુ તે અંગેની કોઈ વિગત તેઓએ જણાવેલ નથી કે આ કામે કબજે કરવામાં આવેલ મોબાઈલની માલિકીની ખરાઈ કરેલ હોવા અંગેની કોઈ વિગત જણાઈ આવતી નથી જેથી આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ આ કામના આરોપીઓની માલિકીના હોવાનું સચોટ પુરાવા રજુ કર્યા વગર માની શકાય નહી. વધુમાં આ કામે સદરહું આક્ષેપીત મુદ્દામાલ જે વાહનમાં એટલે કે જે એકટીવા માંથી કબજે કરવામાં આવેલ તેનો એન્જીન નંબર અને ચેસીસ નંબર મુદ્દામાલ પાવતીમાં જણાઈ આવે છે પરંતુ તેનો રજીસ્ટ્રેશન નંબર કે કોની માલિકીનું હતું તે અંગેનો કોઈ પુરાવો

આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. જેથી આ કામે કબજે કરવામાં આવેલ આક્ષેપીત મુદ્દામાલ વાળું વાહન આ કામના આરોપીનં.૧ ની માલિકીનું હોવાનું સચોટ પુરાવા વગર પુરવાર થઈ શકે નહી. વધુમાં આ કામે ફરીયાદીએ આંક–૧૪ થી તપાસ સંભાળેલ હોવાનું ખુદ તેમના પુરાવાથી જણાઈ આવે છે. જયારે આક–૧૯ ના સાહેદે સદર ગુનાની તપાસ તેઓએ કરેલાનું જણાવે છે પરંતુ આંક–૧૯ ના સાહેદ તેમને તપાસ સોપ્યા અંગેનો કોઈ સચોટ પુરાવો રજુ રાખતા નથી. ઉલટાનું તેઓએ સદરહું ગુનો રજીસ્ટર માં નોંધ કરી આગળની તપાસ ખુદ તેઓએ/આંક–૧૯ ના સાહેદે ફરીયાદી દિનેશભાઈ મહાદેવભાઈને સોંપેલાનું જણાવતા હોય ત્યારે તેઓએ તપાસ કયા આધારે કરેલ તે અંગે શંકા પ્રેરાય છે. વધુમાં આ કામે આંક–૧૯ ના સાહેદે ફરીયાદીએ તેમના રૂબરૂ આંક–૧૩ વાળી ફરીયાદ આપેલાનું જણાવે છે પરંતુ આંક–૧૩ વાળી ફરીયાદમાં ફરીયાદીની સહી જ નથી. આમ, જયારે ફરીયાદમાં ફરીયાદીની સહી જ નહોય ત્યારે ફરીયાદી આંક–૧૨ વાળી ફરીયાદ આપેલ હોવા અંગે શંકા પ્રેરાય છે. વધુમાં આંક–૧૯ ના સાહેદે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલાનું જણાવે છે પરંતુ તેઓએ આ કામે ફકત પોલીસ સાહેદના નિવેદનો લીધેલા છે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવા છતાં સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતા તેઓએ ફકત પોલીસ સાહેદના નિવેદન લીધેલ છે જયારે તેઓને જાણ છે કે પોલીસ સાહેદનો પુરાવો સ્વતંત્ર સાહેદના સમર્થન કારક પુરાવા વગર ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં આંક–૧૯ ના સાહેદના અને પંચો રૂબરૂ પંચનામું કરેલાનું અને સેમ્પલ લઈ મુદ્દામાલ એફ.એસ.એલ.માં આંક–૨૦ ની રવાનગી નોંધથી મોકલેલાનું જણાઈ આવે છે પરંતુ પંચો તેમની રૂબરૂ પંચનામું કરેલાનું સમર્થન કરેલ નથી કે આ કામે

એફ.એસ.એલ.નો રીપોર્ટ આ કામે રજુ કરેલ નથી. જેથી આ કામે કબજે કરવામાં આવેલ આક્ષેપીત મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ટીન જ હોવાનું સચોટ પુરાવા વગર માની શકાય નહી. વધુમાં તેઓએ એફ.એસ.એલ. નો રીપોર્ટ રજુ કરેલ નથી કે, મુદ્દામાલ લગત કંપનીમાં જઈને કોઈ તપાસ કરેલ નથી કે પોલીસ સાહેદ સિવાય તેઓએ કોઈ તટસ્થ સાહેદોના નિવેદન લીધેલ નથી હોય ત્યારે તેમની તપાસમાં પણ ત્રુટીઓ રહી જવા પામેલાનું ફલીત થાય છે. આમ, આ કામે ફરીયાદીની ફરીયાદમાં સહી નથી કે આંક-૧૯ ના સાહેદને તપાસ સોંપવામાં આવેલ હોવાનો કોઈ સચોટ પુરાવો રજુ થયેલ નથી કે એફ.એસ.એલ.નો રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી કે આરોપી નં.૧ ની શરીર સ્થિતિનું કોઈ વર્ણન ફરીયાદીએ ફરીયાદમાં કરેલ નથી કે કબજે કરવામાં આવેલ વાહનના માલિકીનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી આ કામે કબજે કરવામાં આવેલ સદરહું આક્ષેપીત મુદ્દામાલ આ કામના આરોપીનં.૧ ના પ્રત્યક્ષ કબજા ભોગવટા માંથી કે તેમની માલિકી વાળા વાહનમાંથી મળી આવેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

તેમજ ફરીયાદને સ્વતંત્ર એવા પંચ સાહેદનું સમર્થન પ્રાપ્ત થતું નથી. તેવા સંજોગોમાં જયારે પંચ સાહેદ હોસ્ટાઈલ થયેલા છે ત્યારે મુદ્દામાલ ઝડતી, જપ્તી પંચ સાહેદની હાજરીમાં થયેલ હોવાનું પુરવાર થતું ન હોઈ જેથી એકલા ફરીયાદી/પોલીસ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. તેમજ જે વાહનમાંથી આ કામનો આક્ષેપીત મુદ્દામાલ મળી આવેલ તે વાહનની માલીકીની આ કામના આરોપીનં.૧ ની છે કે કેમ ? તે અંગેનો પણ કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ સદરહું મુદ્દામાલ વ્યાસ પાલડી ગામે આરોપી નં.૧ ના કબજા ભોગવટા વાળા વાહનમાંથી

મળી આવેલાનું જણાઈ આવે છે ત્યારે આ કામે સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ હોવા છતા તપાસ એજન્સી ધ્વારા તેઓના નિવેદન લેવામાં આવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. જેથી પણ તપાસ એજન્સીની તપાસમાં ત્રુટીઓ જણાઈ આવે છે. વધુમાં ફરીયાદીના સોગંદ ઉપરના પુરાવાથી આ કામના આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ને સદરહું આક્ષેપીત ગુનો કરવામાં કેવા પ્રકારની મદદગારી કરેલી તે અંગેનો કોઈ પુરાવો જણાઈ આવતો નથી. આમ, ઉપરોકત તપાસવામાં આવેલ ફરીયાદી તથા તમામ સાહેદના પુરાવાથી આરોપીનં.૧ ના પ્રયક્ષ કબજા ભોગવટામાંથી કે તેમની માલિકી, કબજા, ભોગવટા વાળા વાહન માંથી જ આ કામે કબજે કરવામાં આવેલ આક્ષેપીત મુદ્દામાલ મળી આવેલ હોવાનું કોઈપણ સાહેદના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું ન હોય ત્યારે આરોપી નં.૨ સામેનો આક્ષેપ પુરવાર થઈ શકે નહી. જેથી આ કામના આરોપીઓ ને તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત જણાય આવતું નથી.

**(૧૧)** વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરીયાદ પક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ

પરના પુરાવાઓ જોતાં આરોપીઓ ઉપર શંકા ઉદભવે છે, પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં.

આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટમાં ઠરાવેલ છે કે, **THE SUPREME COURT OF INDIA** IN CRIMINAL APPEAL NO. 2438 OF 2010 Bijender @ Mandar V/S State of Haryana Dtd : 08.11. 2021.

**17.** Incontrovertibly, where the prosecution fails to inspire confidence in the manner and/or contents of the recovery with regard to its nexus to the alleged offence, the Court ought to stretch the benefit of doubt to the accused. Its nearly three centuries old cardinal principle of criminal jurisprudence that " ***it is better that ten guilty persons escape, than that one innocent suffer***". The doctrine of extending benefit of doubt to an accused, notwithstanding the proof of strong suspicion, holds its fort on the premise that "***the acquittal of a guilty person constitutes a miscarriage of justice just as much as the conviction of the innocent*** ".

વધુમાં ફોજદારી જ્યુરીસ્પ્રુડન્સનો નિયમ છે કે, આરોપીને મળતી શંકાનો તમામ લાભ આપવો જોઈએ. જે અંગે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવેલ છે કે, **CRIMINAL APPEAL NO.434436 OF 2020 JAIKAM KHAN VERSUS THE STATE OF UTTAR PRADESH DT- DECEMBER 15, 2021**

**75.** At this stage, we would like to remind ourselves as well as all the Courts in the country the golden principle to be followed in criminal jurisprudence. This Court, speaking through legendry H.R. Khanna, J., in the case of ***The State of Punjab v. Jagir Singh, Baljit Singh and Karam Singh7*** observed thus:

"23. A criminal trial is not like a fairy tale wherein one is free to give flight to one's imagination and phantasy. It concerns itself with the question as to whether the accused arraigned at the trial is guilty of the crime with which he is charged. Crime is an event in real life and is the product of interplay of different human emotions. In arriving at the conclusion about the guilt of the accused charged with the commission of a crime, the court has to judge the evidence by the yardstick of probabilities, its intrinsic worth and the animus of witnesses. Every case in the final analysis would have to depend upon its own facts. Although the benefit of every reasonable doubt should be given to the accused, the courts should not at the same time reject evidence which is ex facie

trustworthy on grounds which are fanciful or in the nature of conjectures."

**(૧૨)** આમ, આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ પોતાનો કેસ સાબીત કરવામાં નિ:શંકપણે સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં ઠરાવી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# ◂ હુકમ ▸

**1 ]** આ કામના આરોપી **નં.(૧) જયપાલસિંહ ઈશ્વરસિંહ ચાવડા, ઉ.વ.૩૨,** રહે. ચાવડા વાસ, વ્યાસ પાલડી ગામ, તા.માણસા, જી. ગાંધીનગર, **(ર) ભાવેશસિંહ બકાજી વિહોલ,** રહે. વ્યાસ પાલડી, તા.માણસા, જી.ગાંધીનગર નાઓને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-ર૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એ.એ., ૮૧ મુજબના ગુન્હાના કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2 ]** આ કામના દરેક આરોપીએ ફોજદારી કાર્યરિતિ અધિનિયમ,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમિયાનના **રૂ.૫,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પુરા**)ના જામીન રજુ કરવા.

**3 ]** આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહીબીશનના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અને મુદ્દામાલ વાહન તથા મોબાઈલ અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ **૧૧મી** માહે **ફેબ્રુઆરી** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

**તા.૧૧/૦૨/૨૦૨૫** **( કે.આર.ત્રિવેદી )**

**માણસા** **જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**માણસા**

**GJ 01275**

***//psp/Gr-1//***